સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

પડી ગઇ છે આદત 'ખૂરશી' નો જુસ્સો છે!
સૌને હાકમાં ને ધાકમાં રાખવાનો ગુસ્સો છે,
નશો છે, સત્તાનું લાગ્યું વ્યસન, કેફની ખૂમારી -
રેડીયો, ટીવી ને મંચે રહેવાનો ઠસ્સો છે.
(નશીલી દવાઓ - 'મન કી બાત' નો વિષય)

હાઈકુ

ભીરૂ સ્વભાવે,
લડે છે પાકિસ્તાન -
આતંકી ઢાલે..
(વાઘા-વિસ્ફોટ)

કોંગીને બેઠી -
'રાહુ'લની પનોતી,
ચૂંટણી પાયે..
(દિલ્હી-ચૂંટણી સમિતિ)

ચિંતન

લોકદ્વય પ્રતિ ભયૈક નિદાન મતેદ્ ધિક્ પ્રાણિના મૃણમહો પરિણામ ઘોરમ્ ।
એકઃ સ એવ હિ પુમાન્યરમસ્તિ લોકે કૃદ્ધસ્ય યેન ધનિકસ્ય મુખં ન દૃષ્ટમ્ ॥

સુભાષિત રત્ન ભાંડાગારના 'ઋણ' નામના બીજા અધ્યાયના પ્રકરણમાંથી આ શ્લોક લેવામાં આવ્યો છે લોન-હપ્તા-ઉધાર-ચીટફંટના જમાનામાં આ શ્લોક સમજવા જેવો છે :

'માણસોને માથે ઋણ હોવું (ઉધાર-બાકી હોવું) તે બાબતને ધિક્કાર છે કારણ કે તે ઋણ લઇને અને બાકી રાખીને - ન ચૂકવીને - આ લોક તો બદનામીથી બગડે જ છે પણ પરલોકમાં પણ તકલીફ થાય છે બંને સ્થળે ભયમાં જ રહેવું પડે છે - ઋણ લઇ ન ચૂકવવાના પરિણામ ઘોર-ખરાબ અને ભયંકર આવે છે આ લોકમાં જેણે ક્રોધમાં આવેલા શેઠ-ધનિક (બેન્ક) (શરાફ-શેઠ)નું ક્રોધિત મુખ જોયું નથી એ જ માણસ શ્રેષ્ઠ છે.'

આજે વ્યાજ લેનાર વેપારી અવિચારી સાહસ કરે છે અને વ્યાજમાં ડૂબી 'આત્મહત્યા કરી જાતે અને પરિવારને બદનામ કરે છે. જેટલી ચાદર હોય એટલા જ પગ લાંબા કરવા ઉધાર-લોન-હપ્તાને દિવાસળી આપવી.'

સુવિચાર

- જગત જયારે કનડતું રહે છે.. ત્યારે મન કંઇક મારામાં જડતું રહે છે - વિવેક ટેલર
- કાગડો આખલાની પીઠ સાફ કરવા માટે એના ઉપર નથી બેસતો... પરંતુ પીઠ ઉપર બેઠેલી બગાઇ ખાઇને પોતાનું પેટ ભરવા માટે બેસે છે - હંગેરીયન કહેવત
- જયારે પણ હું કોઇ ફિલોસોફર સાથે વાત કરું છું ત્યારે થાય છે કે સુખી થવાની કોઇ શક્યતા નથી, એમ છતાં હું જયારે મારા બગીચાના માળી સાથે વાત કરું છું ત્યારે મને એનાથી વિપરિત પ્રતિત થાય છે - બર્ટ્રાન્ડ રસેલ
- ગુસ્સો આવવો એ કુદરતી છે, પણ પછી કિન્નાખોરી રાખવી એ બૂરાઇ છે - એસ. ભટ્ટાચાર્ય
- અગત્યનું એ નથી કે તમે તમારી સાથે કેવું અને કેટલું માન-સન્માન લઇને જાઓ છો, અગત્યનું એ છે કે તમે કેવો વારસો છોડીને જાઓ છો - ડો. વીજળીવાળા
- આસમાનના ઉઠ્ઠયન માટે ડુંગરા વાદળાંનો અવતાર ઝંખે છે - ટાગોર
- જો હું પોતે સ્વ-પ્રયત્ને જ્ઞાન પ્રાપ્ત કરી શકીશ એટલી શ્રદ્ધા ન ધરાવતો હોઉં તો ગમે તેવા ગુરૂ મને શી રીતે મદદ કરી શકવાના છે? અને જો હું એવી આત્મશ્રદ્ધા ધરાવતો હોઉં તો પછી મારે ગુરૂની જરૂરત રહી?? - પી.સી. વૈદ્ય

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

સુખ-દુખ સાપેક્ષ હોય છે. માણસ પોતાના નજરિયા-સ્વાર્થ-દૃષ્ટિકોણથી સુખ-દુખના માપ મપાય છે.

બે બહેનપણીઓ એક જ જ્ઞાતિના હતા અને સમૂહલગ્નમાં એકનો દીકરો અને બીજીની દિકરીના લગ્ન થયાં (જુદી જુદી વ્યક્તિ સાથે) ત્યારે મળ્યાં હતાં પછી પાંચ વર્ષે મળ્યા એટલે સ્વાભાવિક રીતે સ્ત્રીઓ પૂછી કાઢે એમ બહેનપણીએ પૂછ્યું કેમ છે તારો દિકરો-વહુ તો સારી મળી આવી છે ને?

પહેલીએ છણકો કરી કહ્યું - મૂકને દીવો - સાવ ફુવડ આવી ગઇ. મોડી ઉઠે, ચા-પાણી મારો દિકરો કરી આપે, રસોઇનાં ઠેકાણાં નંઇ - રાતનું તો લગભગ ટાળે - આખો દિ' મીટીંગ-ફીટીંગ-ને પિયરીયાં સાથે ફોન પર લાંબી લાંબી વાતો - મારો દિકરો તો દુખી દુખી થઇ ગયો. હા, પણ તારી દિકરી તો સાસરે સુખી છે ને?

બીજી કહે, હા, ખૂબ જ સુખી છે નોકરયાકર ઘરના કામકાજ કરી જાય - રસોયણ રસોઇ કરી જાય - જમાઇને ચા-પાણી બનાવવાનો શોખ છે મારી દીકરી ને 'બેડ-ટી' આપે ને પ્રેમથી જમાડે. દિવસમાં ત્રણવાર તો મારી દિકરીનો મોબાઇલ આવે જ!

દિકરી અને વહુને જોવાના દૃષ્ટિકોણ આપણા સમાજમાં ક્યારે બદલાશે?

Email - sureshchandrabhatt18@gmail.com

ભારતમાં પંચાયતી રાજની શરૂઆત કોના હસ્તે થઇ હતી?

પંચાયતી રાજ

(૧) પંચાયતીરાજ કાઉન્સિલના અધ્યક્ષ કોણ હોય છે?
(અ) નાણાં સચિવ (બ) નાણાંમંત્રી
(ક) પંચાયત સચિવ (ડ) પંચાયત મંત્રી

(૨) નીચેનામાંથી કઇ આવક મ્યુનિસિપાલિટી અને ગ્રામપંચાયતની નથી?
(અ) વેચાણવેરો (બ) ઘરવેરો
(ક) લાઇટવેરો (ડ) પાણીવેરો

(૩) નીચેનામાંથી પંચાયતીરાજનું મહત્ત્વનું લક્ષણ કયું છે?
(અ) ગ્રામ સ્વરાજ (બ) સત્તાનું કેન્દ્રીકરણ
(ક) સત્તાનું વિકેન્દ્રીકરણ (ડ) સત્તા કુઠીત કરવી

(૪) ગ્રામ સ્વરાજ શબ્દ કોણે આપ્યો હતો?
(અ) મહાત્મા ગાંધી (બ) વિનોબા ભાવે
(ક) રવિશંકર મહારાજ (ડ) સરદાર વલ્લભભાઇ પટેલ

(૫) નીચેનામાંથી કોની ભલામણને આધારે ગુજરાત પંચાયતધારો વધુ પ્રગતિશીલ બન્યો છે?
(અ) ડાહ્યાભાઇ સમિતિ (બ) ઝીણાભાઇ દરજી સમિતિ
(ક) મહેશ મહેતા સમિતિ (ડ) અશોક મહેતા સમિતિ

(૬) 'પંચાયતી રાજ'નો વિષય કઇ યાદી નીચે આવે છે?
(અ) સંયુક્ત (બ) કેન્દ્ર
(ક) રાજય (ડ) મ્યુનિસિપાલીટી

(૭) પંચાયતી રાજ વિષેનો ઉલ્લેખ બંધારણના કયા ભાગમાં આવે છે?
(અ) રાજનીતિદર્શન તત્ત્વ (બ) આમુખ
(ક) મૂળભૂત ફરજો (ડ) મૂળભૂત અધિકારો

(૮) સૌ પ્રથમ પંચાયતી રાજની શરૂઆત કયા રાજયમાં થઇ હતી?
(અ) હિમાચલ પ્રદેશ (બ) રાજસ્થાન
(ક) પંજાબ (ડ) તમિળનાડુ

(૯) ભારતમાં પંચાયતી રાજની શરૂઆત કોના હસ્તે થઇ હતી?
(અ) જવાહરલાલ નહેરૂ (બ) વલ્લભભાઇ પટેલ
(ક) મોરારજી દેસાઇ (ડ) ઇન્દિરા ગાંધી

(૧૦) ગ્રામ પંચાયતના વહીવટી વડાને શું કહે છે?
(અ) ગ્રામસેવક (બ) તલાટી-કમ-મંત્રી
(ક) સરપંચ (ડ) ગ્રામ સભ્ય

(૧૧) જિલ્લામાં શિક્ષણ વ્યવસ્થા કોણ સંભાળે છે?
(અ) કલેકટરશ્રી (બ) જિલ્લા વિકાસ અધિકારી
(ક) જિલ્લા પંચાયત (ડ) મામલતદાર

(૧૨) નીચેનામાંથી કઇ વ્યક્તિ તાલુકા મેજીસ્ટ્રેટ હોય છે?
(અ) કલેકટર (બ) મામલતદાર
(ક) સરપંચ (ડ) તલાટી

(૧૩) સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીમાં ઉમેદવારી કરવાની ઉંમર કેટલા વર્ષની હોય છે?
(અ) ૨૧ વર્ષ (બ) ૨૩ વર્ષ
(ક) ૨૮ વર્ષ (ડ) ૫૦ વર્ષ

(૧૪) સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને પગભર કરવામાં કોનું યોગદાન મોખરે હતું?
(અ) મેકોલે (બ) વેલેસ્લી
(ક) મેપો (ડ) રિપન

(૧૫) પંચાયતી રાજને 'મહાનક્રાંતિ પ્રયોગ' કહેનાર કોણ હતા?
(અ) બળવંતરાય મહેતા (બ) એસ. કે. ડે.
(ક) જયપ્રકાશ નારાયણ (ડ) જવાહરલાલ નહેરૂ

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ

- ૦૭ નવેમ્બર ૧૯૨૮ નોર્ટોન ડેવિડ ઝીન્ડર - અમેરીકન બાયોલોજીસ્ટ અને જનીન વિજ્ઞાની
- ૦૭ નવેમ્બર ૧૯૦૩ કોનાર્ડ લોર્ન્ઝ - ઓસ્ટ્રેલિયન જુઓલોજીસ્ટ, પશુઓના વર્તનનો અભ્યાસ (ઇથોલોજી) પર સંશોધન, ૧૯૭૩માં નોબલ પારિતોષિક વિજેતા
- ૦૮ નવેમ્બર ૧૯૨૩ જેક ફીલ્બી - અમેરીકન ઇલેકટ્રીકલ એન્જિનિયર, સૌ પ્રથમ ઇન્ટીગ્રેટેડ સર્કીટ (આઇ.સી.)ના શોધક. ૨૦૦૦માં ઇન્ટીગ્રેટેડ પારિતોષિક વિજેતા.
- ૦૮ નવેમ્બર ૧૯૨૨ ક્રિસ્ટન બર્નાડ - સાઉથ આફ્રિકન સર્જન, પ્રથમ માનવ હૃદય પ્રત્યારોપણ કરનાર વૈજ્ઞાનિક
- ૦૯ નવેમ્બર ૧૯૩૪ કાર્લ સગન - અમેરીકન ખગોળ વૈજ્ઞાનિક અને વિજ્ઞાન લેખક 'કોસ્મોસ' ટેલિવિઝન સિરીઝ શરૂ કરનાર
- ૦૯ નવેમ્બર ૧૮૯૮ લિયોનાર્ડ કોર્મીચેલ - અમેરીકન સાયકોલોજીસ્ટ, બાળકના વિકાસની તબક્કાઓ પર સંશોધન કરનાર વૈજ્ઞાનિક
- ૧૦ નવેમ્બર ૧૯૧૮ અર્ન્સ ઓટ્ટો ફિસર - જર્મન સૈદ્ધાંતિક રસાયણ વૈજ્ઞાનિક, ૧૯૭૩માં નોબલ પ્રાઇઝ વિજેતા
- ૧૦ નવેમ્બર ૧૮૯૫ જેક નોર્થટ્રોપ - અમેરીકન એરક્રાફ્ટ ડિઝાઇનર, અને વિમાનોની ડિઝાઇન કરનાર
- ૧૧ નવેમ્બર ૧૯૧૦ રેમર સ્કેઇબર - અમેરીકન ભૌતિક વૈજ્ઞાનિક, પ્રથમ એટોમીક બોમ્બ બનાવવામાં સહયોગી વૈજ્ઞાનિક, જે ૧૯૪૫માં જાપાન પર નખાતો હતો.
- ૧૧ નવેમ્બર ૧૯૦૭ જોસેફ હેમીલ્ટન - અમેરીકન તબીબ, રેડિયો આયોડિનની માનવ શરીર પર અસર ચકાસનાર વૈજ્ઞાનિક.
- ૧૨ નવેમ્બર ૧૯૨૬ જેક રાયન - તેઓ અમેરીકન વૈજ્ઞાનિક હતા. જુદી જુદી વસ્તુઓ બનાવવામાં તજજ્ઞ, દુનિયાની જાણીતી 'બાર્બી ડોલ' બનાવનાર.
- ૧૨ નવેમ્બર ૧૯૨૪ ઔડોડીન ડોલ્ફસ - ફ્રેન્ચ ખગોળશાસ્ત્રી. મંગળની ધરતી પર ફેરીક ઓકસાઇડ સૌથી વધુ તેવું સાબિત કરનાર વૈજ્ઞાનિક
- ૧૩ નવેમ્બર ૧૯૯૩ એડવર્ડ ડોશી - અમેરીકન બાયોકેમીસ્ટ, ૧૯૪૩માં તબીબ શાસ્ત્રનું નોબેલ પ્રાઇઝ મેળવનાર વૈજ્ઞાનિક
- ૧૩ નવેમ્બર ૧૮૬૬ અબ્રાહ્મ ફલેક્ષનર - અમેરીકન શિક્ષણશાસ્ત્રી, તબીબશાસ્ત્રમાં અને વિજ્ઞાન શિક્ષણનો વ્યાપ વધારનાર

ખજાનો
- ડૉ. અનિલ પટેલ
anilbhaikpatel@gmail.com

ગયા સપ્તાહનો સવાલનો જવાબ

સવાલ - હરિયાણાના નવા મુખ્યમંત્રી તરીકે ભારતીય જનતા પાર્ટીના કયા નેતાની પસંદગી કરવામાં આવી છે?

જવાબ - મનોહરલાલ ખટ્ટર

સાચા ઉત્તર આપનાર પત્ર મિત્રો

(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૨) મહેશ એમ. જાદવ : સે-૩૦
(૩) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ
(૪) નટુભાઇ દરજી : પેથાપુર
(૫) જયેન્દ્ર એન. પાઠક : સે-૬બી
(૬) મૂળજીભાઇ પરમાર 'દધિ' : સે-૭બી
(૭) ગોમતીબેન કનુભાઇ પરમાર - સેકટર-૨ડી

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

મહારાષ્ટ્રના નવનિર્વાચીત મુખ્યમંત્રીનું નામ શું છે?

ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

સાચા જવાબો

૬ (૧૬) ૬ (૧૫) ૬ (૧૪) ૬ (૧૩) ૬ (૧૨) ૬ (૧૧) ૬ (૧૦) ૬ (૯) ૬ (૮) ૬ (૭) ૬ (૬) ૬ (૫) ૬ (૪) ૬ (૩) ૬ (૨) ૬ (૧)

સવારે ઉઠતાની સાથે જ અપેક્ષા ફટાફટ તૈયાર થઇ ગઇ, તેણે મનોમન નક્કી કર્યું હતું કે તે આજે એક મહત્ત્વની જવાબદારી નિભાવવા જઇ રહી છે

સપ્તાહની વાર્તા
દીકરો
- પદ્મા મિસ્ત્રી

'બેટા, અપેક્ષા, જા, રૂમમાં નવું ફ્રોક પહેરીને તું પણ તૈયાર થઇ જા.' હમણાં અગિયાર વાગ્યાની આસપાસ મિ. અને મિસિસ દવે બાળક પસંદ કરવા આવવાનાં છે. બંને બહુ સારા અને ભલાં માણસો છે. બેટા, તું તો મારી ડાહી, હોંશિયાર અને વહાલી દીકરી છે. આજે તો એમની પસંદગી ચોક્કસથી તારી પર જ ઉતરશે. પછી તો તને નવું ઘર અને નવાં મમ્મી-પપ્પા પણ મળશે અને સાથે અઢળક પ્રેમ પણ' - અનાથાલાયનાં હેડ માયાબહેન ખુરશીમાં બેસતાં-બેસતાં પાંચ વર્ષની અપેક્ષાને કહી રહ્યાં હતા.

'સાચ્ચે જ?' અપેક્ષાએ આનંદ અને આશ્ચર્ય સાથે માયાબહેનની સામે જોયું અને જવાબની રાહ જોયા વિના જ દોડીને પોતાના રૂમમાં તૈયાર થવા માટે જતી રહી.

બરાબર અગિયારના ટકોરે એક સરસ મજાની ગાડી અનાથાલયની સામે આવીને ઊભી રહી. મિ. અને મિસિસ દવે આવી પહોંચ્યા હતા. તેઓને બધી વાતનું સુખ હતું, પરંતુ તેમનું પોતાનું કોઇ સંતાન ન હતું. તેથી તેઓ આશ્રમમાંથી બાળક દત્તક લેવા માગતાં હતા. થોડીક જ વારમાં આશ્રમનાં બધાં બાળકોને એમની સાથે લાવવામાં આવ્યાં. બધાં બાળકોની સાથે અપેક્ષાએ પણ આવેલ દંપત્તીને બે હાથ જોડી નમસ્કાર કર્યા. બધાં બાળકોમાં અપેક્ષા સૌથી નાની હતી. અને વ્હાલી પણ. પહેલી જ નજરે બધાંને ગમી જાય તેવી હતી. મિ. દવે ઊભા થયા અને પાંચ વર્ષની પરી જેવી લાગતી અપેક્ષા પાસે આવી તેના માથે હાથ ફેરવતાંલ બોલ્યાં,

"બહુ ડાહી દીકરી લાગે છે, નહીં?" અને પત્નીની સામે જોયું. માયાબહેન કંઇક કહેવા જ જતા હતા એ પહેલાં જ મિસિસ દવે બોલી ઊઠ્યા, 'પણ દીકરી છે ને? દીકરીને ઘરે લઇ જઇ શું કરવાનું? ખવડાવી-પીવડાવી અને ભણાવી ગણાવી મોટી કરવાની અને પછી પારકે ઘરે મોકલી દેવાની. આપણને શું ફાયદો? છોકરો હોય તો આપણો વંશ ચાલુ રહે અને સાથે દીકરો તો આપણા ઘડપણની લાકડી ગણાય. દીકરો હોય તો ઘડપણમાં આપણે ક્યારેય ઓશિયાળાં થઇને ન રહેવું પડે!'

ચૂપચાપ ઊભી રહેલી અપેક્ષાએ પણ આ વાર્તાલાપ સાંભળ્યો, પરન્તુ તે કંઇ સમજી શકી નથી. આ ઉંમરે આવી જિંદગીની મોટી મોટી વાતો સમજવા તે સક્ષમ પણ ક્યાં હતી? મિ. દવે ને પણ પત્ની સામે દલીલ કરવાનું યોગ્ય ન લાગ્યું. છેવટે સાત વર્ષના આનંદ પર તેમની પસંદગી ઉતરી - બધી કાર્યવાહી સમાપ્ત કરી - આનંદને મોટી ગાડીમાં બેસાડી દંપતી રવાના થયું.

અપેક્ષા કેટલી સમજુ અને ડાહી દીકરી છે! પહેલી જ નજરે દુશ્મન ને પણ વ્હાલી લાગે અને ગમી જાય તેવી છે. પણ, એક દીકરી હોવાને નાતે તેના પર કોઇ પસંદગીની મહોર મારતું નથી. સમાજની આવી વિચારસરણી કેટલે અંશે યોગ્ય છે? અને એક દીકરી તરીકે જન્મ લેવામાં અપેક્ષાનો ગુનો શું? બિચારાં મા-બાપ વગરની આ અનાથ દીકરીનું સગું કોઇ નહીં થાય? દુઃખી મને વિચારતાં માયાબહેન ક્યાંય સુધી બેસી રહ્યાં. બધાં છોકરાઓ પોતપોતાના રૂમમાં ચાલી ગયા હતા, પરંતુ અપેક્ષા હજુ ત્યાં જ ખૂણામાં ચૂપચાપ ઊભી હતી એનું પણ તેમને ભાન ન હતું.

"હું પણ દીકરો હોત તો મને પણ નવાં મમ્મી-પપ્પા, નવાં કપડાં અને નવું ઘર મળત અને આનંદની જેમ હું પણ મોટી ગાડીમાં બેસી..." આગળ બોલતાં માયા બહેને અટકાવી દીધી અને અશ્રુભરી આંખે તેને છાતીસરતી ચાંપી દીધી.

અપેક્ષાને દીકરી હોવાનું ખૂબ દુઃખ થતું હતું. તેની નાદાન ઉંમરને કારણે તેને હંમેશા લાગતું હતું કે દીકરી હોવું એ પાપ છે, પરંતુ જેમ જેમ એની ઉંમર વધતી ગઇ તેમ તેમ તેની સમજણ પણ વધી. સમય પસાર થતાં ક્યાં વાર લાગે છે? અપેક્ષાને હવે દીકરી હોવાનું જરા પણ દુઃખ લાગતું ન હતું. તેણે હવે ભણવામાં ધ્યાન પરોવી દીધું હતું. માયાબહેનનો માયાળું સ્વભાવ અને મમતાભર્યો હાથ હંમેશા તેની ઉપર રહેયો હોવાથી ક્યારેય તેને મમ્મી-પપ્પાની કમી લાગી ન હતી. ભણવામાં પણ હોંશિયાર હોવાથી દરેક પરીક્ષામાં અવ્વલ જ રહી. જયારે તે એન્જિનિયરની ડિગ્રી લઇ માયાબહેનના આશીર્વાદ લેવા આવી ત્યારે માયાબહેન માત્ર એટલું જ બોલી શક્યા, 'બેટા, હવે તું અનાથ નથી, મારી દીકરી! અને તેને ગળે વળગાડી દીધી. સારી નોકરી મળતાં હવે અપેક્ષા પગભર બની ગઇ હતી. તેને પણ હવે લાગતું હતું કે પોતે હવે અનાથ રહી નથી. આ આશ્રમે તેને બધું જ આપ્યું હોવા છતાં તેને હવે આશ્રમ પણ બોજ ન બનવું જોઇએ. તેને માયાબહેનની રજા લઇને શહેરમાં જ એક નાનકડો ફ્લેટ ખરીદી લીધો અને ત્યાં રહેવા ચાલી ગઇ. પોતાનું ઘર હોવા છતાં તમે ત્યાં ગોઠતું ન હતું. બધું જ હોવા છતાં એને ઘરમાં કંઇ ખૂટતું હોય તેવું હંમેશા લાગતું.' આમ જ દિવસો પસાર થવા લાગ્યા. અચાનક એક દિવસની સવારે તેની ડોરબેલ રણકી. આટલી વહેલી સવારે કોણ હશે, એવો વિચાર સાથે તેણે દરવાજો ખોલ્યો સામે માયાબહેન ઊભાં હતા. અપેક્ષા એકદમ ખુશ થતાં બોલી, 'અરે આવો, આવો, અંદર આવો.' કહી અપેક્ષાએ તેમની ચરણરજ લીધી અને હાથ પકડીને અંદર લઇ આવી.

'આમ, અચાનક કેમ આવવાનું થયું?' અને કંઇ કામ હોય તો મને બોલાવી લેવી હતી ને? આટલી ઉંમરે તમે શા માટે દોડા-દોડી....' પાણીનો ગ્લાસ આપતાં અપેક્ષા બોલી.

'વાત જ એટલી ખુશીની હતી કે હું મારી જાતને અહીં આવતાં રોકી ન શકી.' પલંગ પર બેસતાં માયાબહેન બોલ્યા.

સામે ખુરશી પર બેસતાં અપેક્ષા બોલી, 'એવી તો શું વાત છે કે તમે આટલાં બધાં ખુશ દેખાઇ રહ્યાં છો?'

માયાબહેન સીધા જ મુદ્દા પર આવતા બોલ્યા, 'બેટા હવે તું સેટલ થઇ ગઇ છે. અત્યાર સુધી તે ઘણી તકલીફોનો સામનો કર્યો છે એક ખુશહાલ જિંદગી જીવવાનો તને પણ અધિકાર છે અને તું બધી રીતે લાયક પણ છે. બેટા, જો, તું લગ્ન માટે હા પાડતી હોય તો મારી નજરમાં એક ઘર અને વર છે. તેઓ મારા પરિચયમાંથી જ છે, અને તેમની સાથે મારે ઘણા સારા સંબંધો પણ છે. આવડા મોટા ઘરમાં તારે એકલાં રહેવાનું અને એમાંય સ્ત્રીનો અવતાર. જો તું હા પાડતી હોય તો હું આગળ વાત ચલાવું. અને જો હું સમજાવીશ તો છોકરો તારી સાથે ફ્લેટ પર રહેવા આવવા પણ રાજી થઇ જશે.'

'તમે મારા માટે જે પણ છોકરો પસંદ કર્યો હશે, તે બધી જ રીતે મારા માટે બધી જ રીતે યોગ્ય જ હશે એની મને પૂરી ખાતરી છે, પરંતુ મને થોડોક સમય આપો. મારે એક અગત્યનું કામ પતાવવાનું છે, પછી હું સામેથી આવી તમને લગ્ન માટેની વાત કરીશ.' અપેક્ષા બોલી.

'ભલે દીકરી, પણ હવે બહુ મોડું ન કરતી. તારે જે કામ પતાવવાનું હોય તો જલ્દી પતાવી દે. તારી ઉંમર પણ હવે લગ્ન માટે લાયક થઇ ગઇ છે અને વળી આવું ઘર અને આવો વર પણ જલ્દી મળતાં નથી. બેટા, તું લગ્ન કરીને સુખેથી રહે તો મારા મન પરથી પણ બોજ હળવો થઇ જાય.' માયાબહેન ઊભાં થતાં બોલ્યાં.

'ભલે બે-ત્રણ દિવસમાં જ હું આશ્રમમાં આવું છું અથવા ફોન કરીશ.' અપેક્ષા બોલી અને માયાબહેનને વિદાય આપી.

સવારે ઉઠતાની સાથે જ અપેક્ષા ફટાફટ તૈયાર થઇ ગઇ. તેણે મનોમન નક્કી કર્યું હતું કે તે આજે એક મહત્ત્વની જવાબદારી નિભાવવા જઇ રહી છે.

રીક્ષા વૃદ્ધાશ્રમના દરવાજા આગળ ઊભી રહી. અપેક્ષા આશ્રમનાં હેડ માલતી બહેનની કેબિનમાં પ્રવેશી. માલતીબહેનની સામે બેસીને તેમની સાથે અગત્યની વાતચીત કરી. હજુ અપેક્ષા વાત પૂરી કરી રહી જ હતી એટલામાં એકાએક કેબિનનો દરવાજો ખૂલ્યો. એક આધેડ વયના દંપતીએ અંદર પ્રવેશ કર્યો. બંને એકાએક એવી રીતે અંદર ઘસી આવ્યાં હતા કે માલતી બહેન પણ સમજી શક્યાં નહિ કે આ બંનેને આવી રીતે અંદર આવતા કોઇએ રોક્યા કેમ નહીં? અને આ બંને કોણ હતાં એ પણ જાણી શક્યા નહીં. તેઓ આવેલ દંપતીને કંઇક પૂછે એ પહેલાં જ તેઓ બે હાથ જોડી માલતી બહેનને આજીજી કરવા લાગ્યા. આવેલ દંપતીમાંથી યુવતી બોલી રહી હતી.

'બેન, અમે આમ તમારી રજા લીધા વિના કે કોઇએ પુછ્યા વિના અંદર આવી ગયાં તે બદલ મફી માગીએ છીએ. પણ બેન, અમને અહીં રાખવાનું ના ન પાડતાં. અમે હવે પાછાં ઘરે જવાનાં નથી. બેન, કેટકેટલા લાડ-કોડથી દીકરાને ઉછેર્યા - ભણાવ્યો - પરણાવ્યો અને હવે અમારા જ ઘરમાં એમને રાખવાની દીકરો અને વહુ ના પાડે છે અને અમને બંનેને એટલો બધો ત્રાસ આપે છે કે... ના... ના... હવે અમારે પાછાં ત્યાં જવું જ નથી.' અને ધ્રૂસકે-ધ્રૂસકે રડવા લાગ્યા. રડતાં - રડતાં પણ હજુ તે બોલ્યે જતા હતા.' 'બેન, આજે તો હદ થઇ ગઇ. અમને બંનેને હાથ પકડી ઘરમાંથી બહાર કાઢી મૂક્યા.' ગમે તેમ તોય પારકા તે પારકાં જ વળી.' માલતી બહેન બંનેને બેસાડી પાણી મંગાવી પાયું.

અપેક્ષા બાજુમાં બેઠી-બેઠી આ વાર્તાલાપ સાંભળી રહી હતી. તેને આવેલ બેનનો અવાજ પરિચિત લાગતો હતો. તેણે બંનેને ધ્યાનથી જોયું તો તે બંનેને ક્યાંક જોયાં હોય તેવું પણ લાગતું હતું. તે યાદ કરવાનો પ્રયત્ન કરવા લાગી અને થોડીક જ વારમાં વીસ વર્ષ પહેલાં આખુ ચિત્ર તેની નજર સમક્ષ ખડું થયું! હા, આ તો એ જ મિ. અને મિસિસ દવે છે, જેમણે આશ્રમમાંથી આનંદને દત્તક લીધો હતો. તો શું આનંદે જ તેમને ઘરમાંથી... અપેક્ષાને આખી વાત સમજતાં વાર ન લાગી. અને એક ક્ષણનો પણ વિચાર કે વિલંબ કર્યા વિના તે માલતીબહેનને કહેવા લાગી.

'જો તમને કોઇ પણ જાતનો વાંધો ન હોય તો હું આ બંનેને જ મારાં મમ્મી-પપ્પા બનાવવા માંગુ છું.' કહી આવેલ દપંતીને બે હાથ જોડી પ્રણામ કરી, વીસ વર્ષ પહેલાંની સઘળી યાદ અપાવી દીધી અને સાથે સાથે પોતાની ઓળખાણ પણ આપી. મિ. દવે અપેક્ષાની નજીક આવી એના માથે હાથ મૂકી તૂટક તૂટક શબ્દોમાં એટલું જ બોલી શક્યા.

'મારો... દી.. ક... રો..! અને ઉમેર્યું, 'બેટા એ વખતે મેં તને ઓળખવામાં જરા પણ ભૂલ નહોતી કરી.'' બધી કાર્યવાહી પતાવી અપેક્ષા એનાં નવા મમ્મી-પપ્પા સાથે રીક્ષામાં ગોઠવાઇ. આજે તે ખૂબ ખુશ હતી. તેને લાગ્યું કે હવે તેનું ઘર ખાલી નહીં લાગે. હવે તેને પોતાના ઘરમાં કશુ ખૂટતું ક્યારેય નહીં લાગે. સાચા અર્થમાં હવે તે ઘર લાગશે. અને રિક્ષામાંથી જ તેણે માયાબહેન ને ફોન કરીને કહી દીધું કે 'હું લગ્ન કરવા માટે તૈયાર છું.'

માણસ અટવાયો અંધકારમાં

અપની અપની તારીકી કો લોગ ઉઝાલા કહતે હૈ,
તારીકી કે નામ લિખું તો કોમેં ફિરકે જાત લિખું
- જાવેદ અખ્તર

(લોકોએ પોતપોતાના અંધારાને અજવાળાનું નામ આપ્યું છે. એ અંધારાના નામ લખું તો એમાં નાત-જાત, વાડા અને સ્વયંને પણ લખું.)

માણસ પૃથ્વી પર આવે છે ત્યારે એ માત્ર મનુષ્ય નામનું પ્રાણી હોય છે. વિશેષ કંઇ જ નહીં. દરેક માણસના લોહીનો રંગ લાલ હોય છે અને હૃદયના ધબકારાનો તાલ પર સરખો હોય છે. પણ સમય પસાર થતો જાય છે તેમ તેમ એને પોતાની જાત માટે મોહ થવા લાગે છે. પ્રથમ પુરૂષ એકવચનના પ્રેમમાં ગળાડૂબ થઇ એનું વિચારવાનું 'હું' - મારું અને 'મને' સુધી સીમિત બની રહી જાય છે. આ એ ક્ષણો હોય છે જયારે અન્ય કરતાં હું ખાસ છું એવી ગેરસમજનું અંધારું એને અજવાળું જણાય છે. અંધકારને ઉજાસ તરીકે ઓળખવાની રુગ્ણતાની એ શરૂઆત હોય છે. પછી અંધકાર વધુ ગાઢ બને છે. હું વિશિષ્ટ છું એના ખ્યાલથી આરંભાઇને 'હું' અને 'મારી' સાથે જોડાયેલી અગણિત બાબતોને ખાસ સમજવાની યાદી લંબાતી જાય છે. મારો પરિવાર શ્રેષ્ઠ, મારી જ્ઞાતિ અને મારી જાતિ ઊંચી, હું

અક્ષયપાત્ર
- બકુલ દવે

શ્રીમંત અને મોભાદાર, મારો ધર્મ બીજા ધર્મો કરતાં ઉત્તમ. પોતાની માન્યતાઓનાં ખાબોચિયાંમાં એ વધુ ને વધુ સંકુચિત થતો જાય છે. કટ્ટરતાની અભેદ દિવાલને નવા વિચારો તોડી શકતા નથી. અભિગમ બદલવાની શક્યતા ક્રમશઃ નિર્મૂળ થતી જાય છે.

આચાર્ય ચતુરસેન શાસ્ત્રીની નવલકથા 'ધર્મપુત્ર' આ સંદર્ભે ઉલ્લેખનીય છે. કથાનો નાયક કટ્ટર હિંદુ યુવાન છે. અન્ય ધર્મોની એ ઉપેક્ષા કરે છે. હિન્દુ ધર્મ જ શ્રેષ્ઠ અને સાચો છે એવું એ પ્રબળપણે માનતો હોય છે. નવલકથાના અંતે એને ખબર પડે છે કે એનાં માતાપિતાએ એનો જન્મ થયો ત્યારે જ દત્તક લીધો હતો ને એની માતા એક મુસ્લિમ છે. કથાનાયક દિલીપના પગ તળેથી જમીન સરકી જાય છે. વાસ્તવિકતાનો સ્વીકાર કરવાનું એના માટે અઘરું બની જાય છે. 'ધર્મપુત્ર' નવલકથા પરથી એ જ નામની ફિલ્મ પણ બની. એમાં દિલીપના રોલમાં શશી કપૂર હતા. પરસ્પરનો સ્વીકાર ન કરી શકે એવી ભૂમિકા પર ઊભેલા માણસો જુદી જુદી જાતિ જ્ઞાતિ અને પોતાનામાં બંધ થઇ ગૂંગળાતા જાય છે. આ ક્ષણે કદીયે શક્ય નથી એવો એક વિચાર આવે છે. આદમ અને હવાનાં સંતાનોનો ફક્ત એક જ ધર્મ - મનુષ્યત્વનો ધર્મ હોત તો? એની એક જ જાતિ અને તે માણસની જાતિ જ હોત તો? એની ભાષા પણ એક જ હોત તો? તો ક્ષિતિજો વધુ દૂર હોત ને આકાશ અખંડ હોત. ધરતી પર સરહદો ન હોત ને મનુષ્યનું જીવન વધુ સાર્થ અને ઉદ્દેશપૂર્ણ બની રહેત. એક હોવું એ પ્રકૃતિની નિકટ હોવાનું સૂચક છે. સૂરજ એક છે. ચંદ્ર એક છે અને આકાશ પણ એક છે. વિશ્વમાં અલગ દેખાય છે તે